# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 28-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

**************************************************

1) ભારતના પડોશી દેશ મ્યાંનમાર અને થાઇલેંડમાં ભૂકંપના જોરદાર આંચકાને કારણે વ્યાપક નુકસાન
2) **રાણા સાંગા અંગે સપાના સાંસદની ટિપ્પણીને પગલે રાજ્યસભાની કાર્યવાહી ખોરવાઈ.**
3) **પાકિસ્તાનમાં લઘુમતીઓ સાથેના વ્યવહાર પર ભારત નજીકથી નજર રાખી રહ્યું છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે આ મુદ્દો ઉઠાવી રહ્યું હોવાનું વિદેશ મંત્રી એસ.જયશંકરે લોકસભામાં જણાવ્યું**
4) **જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં આતંકવાદ વિરોધી કાર્યવાહીમાં પાંચ આતંકવાદી ઠારઃ ત્રણ જવાન શહીદ.**
5) **ઓસ્ટ્રેલિયામાં 3જી મેના રોજ દેશની સામાન્ય ચૂંટણીઓ યોજાશે.**
6) **આઇપીએલમાં આજે ચેન્નાઇમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને ચેન્નાઇ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો.**

..........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# EARTH QUAKE

મ્યાનમારમાં આજે રિક્ટર સ્કેલ પર 7.7 અને 6.4 ની તીવ્રતાના બે ભૂકંપ આવ્યા હતા. મ્યાનમારના મંડાલેમાં આવેલો પ્રતિષ્ઠિત પુલ કથિત રીતે ઇરાવદી નદીમાં તૂટી પડ્યો હતો અને મોટા ભૂકંપને કારણે ઘણી ઇમારતો તૂટી પડી હતી, જેનું કેન્દ્ર સાગિંગ નજીક હતું. થાઇલેન્ડની રાજધાની બેંગકોકમાં લગભગ 900 કિમી દૂર પણ ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા, જેના કારણે લોકોને તેમના ઘરોમાંથી બહાર નીકળવાની ફરજ પડી હતી.

ભૂકંપના આંચકાથી ઊંચી ઇમારતો  અને અનેક તળાવમાંથી પાણી વહી રહ્યું હતું અને ભૂકંપની અસરને કારણે ઘણી ઇમારતોને ખાલી કરાવવામાં આવી હતી. જો કે, થાઈ રાજધાનીમાં નુકસાન કે જાનહાનિના તાત્કાલિક કોઈ અહેવાલ નથી. વધુ વિગતોની રાહ જોવાઇ રહી છે.

. . . . . . . . . . . . . . . .

# RAJAY SABHA

**સમાજવાદી પાર્ટીના સાંસદ રામજીલાલ સુમને રાણા સાંગા વિરુધ્ધ કરેલી ટિપ્પણીનાં મુદ્દે આજે રાજ્યસભાની કામગીરી ખોરવાઈ ગઈ હતી.**

**સવારે સત્ર શરૂ થયું ત્યારે શાસક પક્ષનાં સભ્યોએ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને શ્રી સુમન પાસે માફીની માંગણી કરી હતી. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂએ જણાવ્યું કે, સભ્યોએ સભાપતિની સૂચનાનું પાલન કરવું જોઇએ. વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું કે, દેશ માટે લડનાર દરેક પ્રત્યે**

સન્માનની લાગણી હોવી જોઇએ. જો કે, ગૃહમાં શોરબકોર ચાલુ રહેતા સભાપતિએ કામગીરી 12 વાગ્યા સુધી મોકૂફ રાખી હતી. 12 વાગ્યે પ્રશ્નોત્તરી ચાલુ થઈ હતી.

. . . . . . . . . . . . . . .

# JAISHNAKAR

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે જણાવ્યું હતું કે, પાકિસ્તાનમાં લઘુમતીઓ સાથેના વ્યવહાર પર ભારત નજીકથી નજર રાખે છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે આ મુદ્દો ઉઠાવે છે. લોકસભામાં એક સવાલના જવાબમાં ડૉ. જયશંકરે કહ્યું કે સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં ભારતીય પ્રતિનિધિએ તાજેતરમાં ધ્યાન દોર્યું હતું કે પાકિસ્તાન એક એવો દેશ છે જ્યાં માનવાધિકારોનું હનન, લઘુમતીઓ પર અત્યાચાર અને લોકશાહી મૂલ્યોનું હનન કરવુ એ રાજ્યની નીતિઓ છે.

વિદેશ મંત્રીએ ગૃહને માહિતી આપી હતી કે આ વર્ષે ફેબ્રુઆરીમાં પાકિસ્તાનમાં હિંદુ સમુદાય સામે અત્યાચારના 10 કેસ નોંધાયા હતા, જેમાંથી સાત અપહરણ અને બળજબરીથી ધર્મ પરિવર્તન સાથે સંબંધિત છે, બે અપહરણ સાથે સંબંધિત છે અને એક હોળીની ઉજવણી કરી રહેલા વિદ્યાર્થીઓ સામે પોલીસ કાર્યવાહી સાથે સંબંધિત છે. તેમણે ઉમેર્યું હતું કે પાકિસ્તાનમાં શીખ સમુદાયને લગતી ત્રણ ઘટનાઓ બની હતી.

બે કેસ અહમદિયા સમુદાયને લગતા હતા અને એક ખ્રિસ્તી સમુદાયને લગતા હતા. ડૉ. જયશંકરે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત આ કેસોને આંતરરાષ્ટ્રીય સ્તરે લે છે. એક અન્ય સવાલના જવાબમાં વિદેશ મંત્રીએ કહ્યું કે નવી દિલ્હી બાંગ્લાદેશમાં લઘુમતીઓની સલામતી પર પણ નજર રાખે છે. તેમણે

ઉમેર્યું હતું કે, વર્ષ 2024માં લઘુમતીઓ પર હુમલાને લગતી બે હજાર 400 ઘટનાઓ અને વર્ષ 2025માં આવી 72 ઘટનાઓ બની હતી.

. . . . . . . . . . . . . . . .

# J&K - ENCOUNTER - KATHUA

જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં આતંકવાદ વિરોધી કાર્યવાહીમાં પાંચ આતંકવાદી માર્યા ગયા. રાત્રે થયેલી અથડામણમાં સુરક્ષાદળોએ ત્રણ આતંકીને ઠાર કર્યા હતા, ત્યારબાદ જંગલ વિસ્તારમાંથી વધુ બે મૃતદેહ મળી આવ્યા છે. સુરક્ષાદળોના આ વિશેષ અભિયાનમાં જમ્મુ અને કશ્મીર પોલીસના ત્રણ જવાનો શહીદ થયા હતા.

. . . . . . . . . . . . . . . .

# SC FARMER

પંજાબ સરકારે આજે સુપ્રીમ કોર્ટને જાણ કરી કે, તેણે હરિયાણા નજીક શંભુ અને ખાનૌરી સરહદો પરથી વિરોધ કરી રહેલા ખેડૂતોને મુક્ત કરી દીધા છે અને ટ્રાફિકની અવરજવર માટે રાષ્ટ્રીય ધોરીમાર્ગને ફરી શરૂ કરી દીધો છે. પંજાબના એડવોકેટ જનરલ ગુરમિંદર સિંહે પણ ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને એન. કે. સિંહની બનેલી બેન્ચને જાણ કરી કે, પ્રદર્શનકારીઓના વરિષ્ઠ નેતા જગજીત સિંહ દલ્લેવાલે આજે પોતાનું ભૂખ હડતાળ સમાપ્ત કરી દીધી છે.

બેન્ચે ગયા વર્ષે સુપ્રીમ કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલા યથાવત્ આદેશના કથિત ઉલ્લંઘનમાં પંજાબ સત્તાવાળાઓ સામે દાખલ કરવામાં આવેલી અવમાનનાની અરજી પર વિચાર કરવાનો પણ ઇનકાર કર્યો હતો. કોર્ટે વિરોધ કરી

રહેલા ખેડૂતો અને સરકારો સાથે વાટાઘાટો કરવા માટે ઉચ્ચસ્તરીય સમિતિને પણ તેનો પૂરક અહેવાલ દાખલ કરવા નિર્દેશ આપ્યો હતો.

. . . . . . . . . . . . . . .

# IT OFFICE WILL OPEN

કરદાતાઓની સુવિધા માટે દેશભરમાં આવકવેરા વિભાગની કચેરીઓ આવતીકાલ થી 31 માર્ચ સુધી કાર્યરત રહેશે. એક આદેશમાં, સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (સીબીડીટી) એ જણાવ્યું કે, પડતર વિભાગીય કાર્ય પૂર્ણ કરવા માટે, ભારતભરની તમામ આવકવેરા કચેરીઓ 29, 30 અને 31 માર્ચ, 2025 ના રોજ ખુલ્લી રહેશે.

કરદાતાઓને ચાલુ નાણાકીય વર્ષ માટે બાકી રહેલા કર સંબંધિત કામોનો નિકાલ કરવામાં સુવિધા આપવા માટે આવકવેરા વિભાગની કચેરીઓ દેશભરમાં ખુલ્લી રહેશે. દેશભરમાં આવકવેરા વિભાગની ઓફિસો સપ્તાહના અંતે અને સોમવારે ઈદ-ઉલ-ફિત્ર હોવા છતાં ખુલ્લી રહેશે.

ભારતીય રિઝર્વ બેંકે એક નિવેદનમાં જણાવ્યું કે, ચાલુ નાણાકીય વર્ષ સરકારી રસીદો અને ચૂકવણીના હિસાબને સરળ બનાવવા માટે દેશભરમાં ખાસ ક્લિયરિંગ કામગીરી હાથ ધરવા બેંકોને 31 માર્ચે કામકાજ ચાલુ રાખવાનો નિર્દેશ આપ્યો છે. 31 માર્ચ આકારણી વર્ષ 2023-24 માટે સુધારેલું આવકવેરા રિટર્ન ફાઇલ કરવાની છેલ્લી તારીખ પણ છે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# SC- YASHWANT VARAMA - PLEA

દિલ્હી વડી અદાલતના ન્યાયાધીશ જસ્ટિસ યશવંત વર્માના નિવાસ સ્થાને રોકડ મળી આવવાના મામલે દિલ્હી પોલીસ દ્વારા તાત્કાલિક કાર્યવાહી અને સંપૂર્ણ તપાસની માંગ કરતી અરજી પર સર્વોચ્ચ અદાલત આજે સુનાવણી કરશે.

સર્વોચ્ચ અદાલતની વેબસાઇટ અનુસાર, જસ્ટિસ અભય એસ. ઓકા અને ઉજ્જલ ભૂયાનની બેન્ચ આ મામલાની સુનાવણી કરશે.

. . . . . . . . . . . . . . . .

# GAZIABAD BLAST

ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદની પેપર મિલમાં બોઈલર વિસ્ફોટમાં ત્રણ શ્રમિકોના મોત થયા, જ્યારે છ લોકો ઘાયલ થયા છે. ત્રણેય મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે અને ઘાયલોને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. વિસ્ફોટ બાદ, ફેક્ટરીમાં ભય ફેલાઈ ગયો હતો. આ ઘટના અંગે પોલીસ વધુ તપાસ શરૂ કરી છે.

. . . . . . . . . . . . . . . .

# AUSTRALIA POLLS

ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની આલ્બનીઝે આ વર્ષે ૩જી મેના રોજ દેશની સામાન્ય ચૂંટણીઓ માટે ચૂંટણી યોજવાની જાહેરાત કરી છે.

ગવર્નર-જનરલ સેમ મોસ્ટિનના સત્તાવાર નિવાસસ્થાનેથી શ્રી આલ્બેનીઝે સંસદ ભવનમાં એક પત્રકાર પરિષદમાં આ જાહેરાત કરી હતી. એક વીડિયો સંદેશમાં, શ્રી આલ્બાનીઝે મતદારોને આગામી કાર્યકાળ માટે મત આપવાની અપીલ કરીને સંખ્યાબંધ વચનો આપ્યા હતા અને મતદારોને તેમનો મત આપવા વિનંતી કરી હતી.

ચૂંટણીમાં મુખ્ય મુકાબલો પ્રધાનમંત્રી આલ્બનીઝની કેન્દ્ર-ડાબેરી લેબર પાર્ટી અને વિરોધ પક્ષના મુખ્ય નેતા પીટર ડટનના રૂઢિચુસ્ત ગઠબંધન વચ્ચે હશે. ઓસ્ટ્રેલિયામાં જીવનનિર્વાહનો ઊંચો ખર્ચ, રહેઠાણની અછત અને વ્યાજદરમાં વધારો જેવા મહત્વના મુદ્દાઓ છે.

. . . . . . . . . . . . . . . .

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગમાં, આજે સાંજે ચેન્નાઈ સુપર કિંગ્સનો મુકાબલો રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે થશે. આ મુકાબલો ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે સાંજે સાડા સાત કલાકે શરૂ થશે.

દરમિયાન, ગઇકાલે લખનઉ સુપર જાયન્ટ્સે સનરાઇઝર્સ હૈદરાબાદને પાંચ વિકેટથી હરાવ્યું હતું. હૈદરાબાદે આપેલા 191 રનના લક્ષ્યનો પીછો કરતા લખનઉ એ માત્ર 16.1 ઓવરમાં પાંચ વિકેટે 193 રન બનાવી લીધા.

. . . . . . . . . . . . . . . .

## WOMENS HOCKEY LEAGUE

રાષ્ટ્રીય મહિલા હોકી લીગની ફાઇનલમાં આજે હરિયાણાનો મુકાબલો ઓડિશા સામે થશે. આ મેચ રાંચીમાં સાંજે 6 વાગ્યાથી રમાશે. ઝારખંડ અને મિઝોરમ વચ્ચે ત્રીજા સ્થાન માટે સાંજે 4 વાગ્યે મેચ રમાશે.

. . . . . . . . . . . . . . . .

## MIAMI OPEN-RECORD

ટેનિસમાં, નોવાક જોકોવિચ એટીપી માસ્ટર્સ વન થાઉઝન્ડના સેમિફાઇનલમાં પહોંચનાર સૌથી મોટી ઉંમરના ખેલાડી બન્યા છે. 37 વર્ષીય સર્બિયન ખેલાડીએ આજે સવારે મિયામી ઓપનના ક્વાર્ટર ફાઇનલમાં અમેરિકન સેબેસ્ટિયન કોર્ડાને 6-3, 7-6 થી હરાવીને આ સિદ્ધિ હાંસલ કરી. તેણે 2019 માં 37 વર્ષ અને સાત મહિનાની ઉંમરે ઇન્ડિયન વેલ્સ અને મિયામી ઓપનમાં અંતિમ ચારમાં સ્થાન મેળવનાર રોજર ફેડરરને પાછળ છોડી દીધો.

જોકોવિચ, પોતાના સાતમા મિયામી ઓપન ટાઇટલ માટે આજે રાત્રે ભારતીય સમય મુજબ બપોરે સાડા બાર વાગ્યે ફ્લોરિડાના મિયામી ગાર્ડન્સમાં હાર્ડ રોક સ્ટેડિયમમાં બલ્ગેરિયન ગ્રિગોર દિમિત્રોવનો સામનો કરશે.

. . . . . . . . . . . . . . . .

# BANGLADESH-CHINESE PRESIDENT

બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસે આજે સવારે બેઇજિંગમાં ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી. બન્ને નેતાઓએ દ્વિપક્ષીય સહયોગના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી.

મોહમ્મદ યુનુસની ચાર દિવસીય ચીન યાત્રા દરમિયાન તેઓ ઉદ્યોગપતિઓ સાથે રોકાણ સંવાદમાં ભાગ લેશે. તેઓ ત્રણ ગોળમેજી વાટાઘાટ પણ કરશે. મોહમ્મદ યુનુસ અનેક ચીની કંપનીઓના સીઈઓ સાથે પણ ચર્ચા કરશે.

. . . . . . . . . . . . . . . .

# US- WTO

સરકારી ખર્ચમાં ઘટાડાને કારણે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રએ વિશ્વ વેપાર સંગઠન (WTO) માં પોતાનું યોગદાન બંધ કરી દીધું છે. આ પગલું શ્રી ટ્રમ્પની "અમેરિકા ફર્સ્ટ" આર્થિક નીતિઓ સાથે સુસંગત છે, જેના કારણે હવે ઘણી વૈશ્વિક સંસ્થાઓમાં અમેરિકાની ભાગીદારી ઘટી ગઈ છે.

અગાઉ, ટ્રમ્પ વહીવટીતંત્રે વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) માંથી અમેરિકાને પાછું ખેંચી લીધું હતું અને અન્ય આંતરરાષ્ટ્રીય સંગઠનોને આપવામાં આવતા ભંડોળમાં ઘટાડો કર્યો હતો. 2024 માં WTO નું વાર્ષિક બજેટ 205 મિલિયન સ્વિસ ફ્રાન્ક હતું, જેમાં અમેરિકાનો હિસ્સો આશરે 11 ટકા હતો.

. . . . . . . . . . . . . . .